# પશુપાલન નિયામકની કચેરી, ગુજરાત રાજય

કૃષિભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨ ૦૧૦ ફોન : ૦૭૯ – ૨૩૨૫૬૧૪૧

ફેકસ : ૦૭૯ ૨૩૨૫૬૧૪૨E-mail ID: dir-anml@gujarat.gov.in


---

જા.નં.પ્રશાસન/સીસી/ખાહિપરીક્ષા/વર્ગ-૧,૨/૨૦૧૭/સાતમી/૪૦/ ૧૨૫૬ / ૨૦૧૭

<u>છેલ્લી તારીખ ૧૩/૧૧/૨૦૧૭</u>તારીખ ૨૬ /૦૯/ ૨૦૧૭

<u>-::પરિપત્ર::-</u>

વિષયઃ- પશુપાલન ખાતાનાં વર્ગ-૧ અને વર્ગ-૨ નાં અધિકારીઓ માટેની ખાતાકીયપરીક્ષાના આયોજન અંગે ( સાતમી પરીક્ષા )

સંદર્ભઃ- સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ જીએચકેએચ/૫૫/૨૦૧૨/એએચએસ/૧૧૦૮/૨૧૩૭/પી.૨, તારીખ ૧૩/ ૦૭/૨૦૧૨

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ હેઠળનાં સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના જાહેરનામા અન્વયે પશુપાલન ખાતાનાં વર્ગ-૧ અને વર્ગ-૨ નાં અધિકારીઓ માટેની ખાતાકીયપરીક્ષાના નવા નિયમો અને અભ્યાસક્રમને મંજુરી આપવામાં આવેલ છે. જે અનુસાર પશુપાલન ખાતાનાં વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગનાં અધિકારીઓ માટેની ખાતાકીય પરીક્ષા<u>સાતમી યોજવા</u> માટેનું આયોજન હાથ ધરવામાં આવે છે.

ખાતાકીય પરીક્ષાનું આયોજન હવે ટુંક સમયમાં કરવામાં આવનાર છે, જે દયાને લઈ, આ પરીક્ષામાં બેસવા માંગતા ઉમેદવારો પાસેથી આ સાથે બીડેલ જાહેરનામા દ્વારા નક્કી કરવામાં આવેલ પરિશિષ્ટ—ધ માં અરજીપત્રક મંગાવવામાં આવે છે.

૧. આ ખાતાકીય પરીક્ષામાં પશુપાલન ખાતાના વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગમાં ફરજ બજાવતાં કે જેઓએ આ અગાઉ ખાતાકીય પરીક્ષા પાસ કરી નથી તેઓએ ઉકત જાહેરનામાની જોગવાઈ મુજબ પરીક્ષા આપવાની રહેશે.

૨. પરીક્ષા અંગેનો વિગતવાર કાર્યક્રમ તેમજ પરીક્ષાના સ્થળ વગેરે બાબતની જાહેરાત પછીથી કરવામાં આવશે.

૩. ખાતાકીય પરીક્ષામાં બેસવા માંગતાં ઉમેદવારે પરિશિષ્ટ-ધ માં સંપુર્ણ વિગતો ભરી કચેરીનાં વડા મારફતે અને જીલ્લા પંચાયત હેઠળની કચેરીમાં ફરજ બજાવતાં

ઉમેદવારોએ સબંધીત મદદનીશ / નાયબ પશુપાલન નિયામક , જીલ્લા પંચાયત મારફતે **કન્વીનરશ્રી ખાતાકીય પરીક્ષા સમિતિ અને પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજય, કૃષિભવન, સેકટર-૧૦/એ ગાંધીનગર ખાતે મોડામાં મોડા તારીખ ૧૩/ ૧૧/ ૨૦૧૭ સુધીમાં મળી જાય તે રીતે પહોંચતા કરવાના રહેશે.સરકારશ્રીના ઉપરોકત જાહેરનામાની જોગવાઈ (૪) દયાને લેતાં , અરજી મોકલવાની છેલ્લી તારીખે અરજદારે ત્રણ વર્ષની સેવા પુરી કરેલ હોય તે જ અરજદારની અરજી અત્રે મોકલી આપવાની રહેશે. સબંધિત કચેરીના વડાએ પણ અરજદારની પાત્રતાની તારીખની પુરતી ચકાસણી કરીને જ અરજી અત્રે મોકલી આપવાની રહેશે. અરજદાર ખાતાકીય પરીક્ષાના નિયમો મુજબ પરીક્ષામાં બેસવા માટે લાયક છે. તે મુજબનુ પ્રમાણપત્ર કચેરીના વડાએ ખાત્રી કરીને આપવાનુ રહેશે. ફક્ત પરીક્ષામાં બેસવા લાયક અરજદારોનાં જ અરજીપત્રકો કચેરીના વડાએ અત્રે રવાના કરવાના રહેશે.**

૪. આ અગાઉ જે ઉમેદવારોએ જુના નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા આપેલ હોય અને ઉતીર્ણ થયેલ ન હોય પરંતુ કોઈ પ્રશ્નપત્રમાં મુક્તિ મેળવેલ હોય તેવા ઉમેદવારોએ આ પેપરમાં મુક્તિ મેળવવા માંગતા હોય તો અરજીપત્રમાં તે અંગેની વિગત દર્શાવવાની રહેશે. અને જે પ્રશ્નપત્રમાં મુક્તિ મળેલ હોય તેના અધિકૃત આધાર તરીકે ગુણ પત્રકની નકલ બીડવાની રહેશે.

૫. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ-ગાંધીનગરના ઠરાવ ક્રમાંક ખતપ/૧૦૦૩/૬૬/ક તારીખ ૨૯/૦૫/૨૦૦૩ અનુસાર નિયત તક અને સમય મર્યાદામાં પરીક્ષા પાસ ન કરેલ હોય તેવા ઉમેદવારોએ આ પરીક્ષામાં બેસવા માટે રુપિયા **૧૫૦/-**( અંકે રુપિયા એકસો પચાસ પુરા ) પરીક્ષા ફી "**૦૪૦૩-પશુપાલન**–અન્ય આવક " સદરે જમા કરાવી અસલમાં ચલણની નકલ અરજી સાથે બિડવાની રહેશે.

૬. સંદર્ભિત જાહેરનામાની ૧૧(૩) અને ૧૧(૪) જોગવાઇ મુજબ જે અરજદાર પરીક્ષામાં આકસ્મિક / અનિવાર્ય કારણોસર ન બેસી શકે તેવી પરિસ્થિતિ હોય ત્યારે તેઓએ વ્યાજ્બી કારણો દર્શાવી, પરીક્ષા શરુ થયાના એક માસ પહેલા અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે

૭. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૩૦-૦૩-૧૯૮૯ના ઠરાવ ખતવ/૧૦૮૮ ના ફકરા-૮ ની જોગવાઈ મુજબ પરીક્ષાનું માદયમ ગુજરાતી ભાષાનું જ રહેશે. અને પ્રશ્નપત્રોનાં જવાબો ગુજરાતી ભાષામાં જ આપવાનાં રહેશે.

૮. ઉમેદવારે અરજીપત્રકના મથાળે પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો સ્વ પ્રમાણિત કરેલ ફોટોગ્રાફ ગુંદરથી ચોંટાડવાનો રહેશે.

૯ પરીક્ષાનાં જે પ્રશ્નપત્રોના જવાબ પુસ્તકમાંથી જોઈને આપવાના હોય તેવા પુસ્તકોની વ્યવસ્થા ઉમેદવારે જાતે કરવાની રહેશે.

૧૦. અરજી પત્રકો સ્વીકારવાની નિયત થયેલ તારીખ સુધીમાં અત્રે મળેલ અરજી પત્રકો સ્વીકારવામાં આવશે. ત્યારબાદ આવેલ અરજી પત્રકો સ્વીકારવામાં આવશે નહીં અને તે અંગેની જવાબદારી આ કચેરીની રહેશે નહીં.

૧૧. ખાતાકીય પરીક્ષા અંગેનો આ પરિપત્ર કચેરીમાં ફરજ બજાવતાં પશુપાલન ખાતાના વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગના અધિકારીઓને વંચાણે લેવડાવી તેઓની સહીઓ મેળવી લેવાની રહેશે.

૧૨. સંદર્ભમા દર્શાવેલ (૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૫૫/૨૦૧૨/એએચએસ/૧૧૦૮/૨૧૩૭/પી.૨, તારીખ ૧૩-૦૭-૨૦૧૨ના જાહેરનામાની નકલ, (૨) પરિશિષ્ટ – ધ, (૩) યોગ્યતા માટેનું પ્રમાણપત્ર તથા (૪) આ પરિપત્રની SOFT COPY ખાતાની વેબસાઈટ**http://agri.gujarat.gov.in ઉપર ક્લીક કરી Director of Animal Husbandry ઉપર ક્લીક કરી Latest News and Events ઉપર ક્લીક કરવાથી ખાતાકીય પરીક્ષાને લગતી માહિતી ઉપલબ્ધ થશે જે જાણ સારું.**

બિડાણ-- ઉપર મુજબ

સહી/-

કન્વીનર , ખાતાકીય પરીક્ષા સમિતિ

--વ--

પશુપાલન નિયામક, ગુજરાત રાજય,ગાંધીનગર.

<u>નકલ રવાના જરૂરી કાર્યવાહી સારૂ પ્રતિ,</u>

૧ અધિક પશુપાલન નિયામકશ્રી, (પશુ આરોગ્ય) અમદાવાદ.

૨ વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રી, અમદાવાદ/રાજકોટ/ વડોદરા.

૩ સંયુકત પશુપાલન નિયામકશ્રી, પશુજૈવિક સંસ્થા, ગાંધીનગર.

૪ સભ્ય સચિવશ્રી સહ સંયુકત પશુપાલન નિયામક્શ્રી, ગૌસેવા આયોગ – ગાંધીનગર

૫ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત લાઈવસ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ – ગાંધીનગર

૬ ઝુ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી , પ્રાણી સંગ્રાહાલય – અમદાવદ – જુનાગઢ

૭ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત વેટરનરી કાઉન્સીલ – ગાંધીનગર

૮ મદદનીશ / નાયબ પશુપાલન નિયામકશ્રી (પશુપાલન શાખા), જીલ્લા પંચાયત તમામ

૯ પ્રાયોજના વહીવટદારશ્રી, આદિજાતી વિસ્તાર પેટા યોજના – વલસાડ

૧૦ આ ખાતા હેઠળની તાબાની તમામ કચેરીઓ.

૧૧ આ કચેરીની તમામ શાખાઓ

૧૨ નિયામકશ્રીનાં અંગત મદદનીશ

૧૩ કચેરીની વેબસાઈડ ઉપર

૧૪ હુકમ ફાઇલ.

પશુપાલન નિયામક,વતી
ગુજરાત રાજય,ગાંધીનગર

પરિશિષ્ટ – ધ

( જુઓ નિયમ ૧૧ (૧) )

અરજીનો નમુનો

કન્વીનર ,ખાતાકીય પરીક્ષા સમિતિએ યોજવાની વર્ગ – ૧ અને વર્ગ – ૨ ના અધિકારીઓએ ખાતાકીય પરીક્ષામાં બેસવા માટેનું અરજીપત્રક.

| પાસપોટ સાઈઝનો પ્રમાણિત ફોટો |
|---|

| | | |
|---|---|---|
| ૧ | અરજદારનું પુરેપુરૂં નામ<br>( મુળાક્ષરોમાં )<br>(અટક પ્રથમ લખવી )<br>(અંગ્રેજી અને ગુજરાતીમાં ) | |
| ૨ | હોદો<br>(અંગ્રેજી અને ગુજરાતીમાં ) | |
| ૩ | હાલ જેમાં સેવા આપતા હોય તે કચેરીનું નામ | |
| ૪ | જન્મ તારીખ અએન અરજીના સમયે ઉંમર (પૂરા વર્ષમાં) | |
| ૫ | નિમણુંકની તારીખ અને સેવાના કુલ વર્ષો | |
| ૬ | અગાઉ પરીક્ષામાં બેઠા છે. ?જો હા તો : | |
| | (ક) જે પરીક્ષામાં બેઠા હોય તેનો મહોનો અને વર્ષ | |
| | (ખ) કોઈ મુક્તિ મળેલી છે ?જો હા તો ગુણની ,પરીક્ષાના વર્ષની અને વિષયની વિગતો આપવી. | |
| | (ગ) અરજદાર આપેલ મુક્તિનો લાભ લેવા માંગે છે ?“હા “ અથવા “ ના “ જણાવવું ( પસંદગીને આખરી ગણવામાં આવશે અને કોઈપણ ફેરફાર માન્ય રાખવામાં આવશે નહિ. | |
| ૭ | જે નિયમો હેઠળ ઉમેદવારે પરીક્ષામાં | સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના |

| | | |
|---|---|---|
| | બેસવાનું હોય તે નિયમો | જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૫૫/૨૦૧૨/એએચએસ/ ૧૧૦૮/૨૧૩૭/પી.૨, તારીખ ૧૩/૦૭/૨૦૧૨ |
| ૮ | તે / તેણીએ પરીક્ષામાં જેટલી તકો અને સમય – મર્યાદાની અંદર પાસ કરવી જરુરી હોય તેની વિગતો ( પરીક્ષામાં બેસવા માટે પાત્રતાની અને તે મુદત પુરી થવાની તારીખ જણાવવી.) | |
| ૯ | કરેલ પ્રત્યનોની સંખ્યા મહિનો | |
| ૧૦ | કોઈ વધારાની (ખાસ) તક આપવામાં આવી હોય તો તે ( જે હુકમો હેઠળ વધારાની (ખાસ) તક આપવામાં આવી હોય તેનો ક્રમાંક અએ તારીખ જણાવવી અને તેની એક નકલ જોડવી. | |
| ૧૧ | ઉંમર અને / અથવા નોકરીની મર્યાદામાં છુટછાટ આપેલ છે. ? ( હુકમ કેમાંક અને તેની નકલ બીડવી. ) | |
| ૧૨ | પરીક્ષા પાસ કરવાનો હેતું ( દા.ત. બહાલી , સરકારી સેવામાં પ્રતિધારણ , બઢતી વગેરે ) | |
| ૧૩ | ખાતાકીય પરીક્ષાના નિયમો અનુસાર ઉમેદવારપરીક્ષામાંબેસવા લાયક છે. ? | |
| ૧૪ | ઉમેદવાર જે ભાષામાં ઉત્તર આપવા માંગતો હોય તે ભાષા<br>(ક) ગુજરાતી પ્રશ્નપત્ર ક્રમાંક<br>(ખ) અંગ્રેજી પ્રશ્નપત્ર ક્રમાંક | |
| ૧૫ | રિમાર્કસ , કોઈ હોય તો. | |

સ્થળ --

તારીખ -- ( અરજદારની સહી )

ઉપરોકત વિગતો ડો. ..................................................હોદો .............................. ની સેવાપોથી સાથે ચકાસણી કરતાં બરાબર માલુમ પડેલ છે.

કચેરીના વડાની સહી / સીક્કો

## યોગ્યતા માટેનું પ્રમાણપત્ર

પ્રમાણિત કરવામાં આવે છે કે ,

(૧) ઉપરની વિગતોની ખરાઈ કરવામાં આવી છે અને તે ખરી જણાઈ છે. શ્રી / શ્રીમતી ........................................................................ સને ................... ના રોજ યોજાનારી વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓની ખાતાકીય પરીક્ષામાં બેસવાને પાત્ર છે.

(૨) જરુરી ફી ચૂકવેલ છે. ચલનની નકલ આ સાથે જોડેલ છે.

(૩) ઉમેદવારને વધારાની તક આપવામાં આવેલ છે. હુકમની નકલ જોડેલ છે.

સ્થળ -- સહી

તારીખ -- ખાતા / કચેરીના વડાનું નામ હોદો

- જે લાગું ન પડતું હોય તે છેકી કાઢવું.